ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
છઠ્ઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫-સી, ઝોન ૫,
ગીફ્ટ સીટી, ગાંધીનગર – ૩૮૨ ૦૫૦
www.gercin.org

## જાહેર સૂચના

### નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઈંધણ અને વીજળી ખરીદી ગોઠવણ સરચાર્જ (FPPAS) ની ગણતરીના બાબતે સુઓ મોટો પિટિશન નં. ૨૪૮૫/૨૦૨૫

જીઈઆરસી (MYT) રેગ્યુલેશન્સ, ૨૦૨૪ કલમ ૧૧૫ માં એવી જોગવાઈ કરવામાં આવી છે કે ઈંધણ અને વીજળી ખરીદી ગોઠવણ સરચાર્જ (FPPAS) ની ગણતરી અને માસિક ધોરણે પાત્ર ગ્રાહકો પાસેથી વસૂલાત કરવામાં આવે છે. કેટલાક વ્યવહારુ પડકારોને ધ્યાનમાં રાખીને, આયોગે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન દ્વિમાસિક ધોરણે FPPAS ચાર્જની ગણતરી અને વસૂલાત માટે સુઓ મોટો કાર્યવાહી શરૂ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

આ સંદર્ભમાં સુઓ મોટો પિટિશન નંબર ૨૪૮૫/૨૦૨૫ આયોગની વેબસાઈટ (www.gercin.org) પર ૨૧ મે, ૨૦૨૫ ના રોજ અથવા તે પહેલાં હિસ્સેદારો પાસેથી સૂચનો મંગાવવા માટે મૂકવામાં આવી છે.

આથી સૂચિત કરવામાં આવે છે કે જે વ્યક્તિઓ સુઓ મોટો પિટિશન અંગે તેમની ટિપ્પણીઓ/સૂચનો/મંતવ્યો દાખલ કરવા માંગતા હોય તેઓ સચિવ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠ્ઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫-સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર – ૩૮૨ ૦૫૦ ને તે ફાઈલ કરી શકે છે. વધુમાં, આ સંદર્ભમાં જાહેર સુનાવણી ૨૩ મે, ૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે જીઈઆરસી કાર્યાલય, ગાંધીનગર ખાતે યોજાવાની છે. રસ ધરાવતા વ્યક્તિઓ જાહેર સુનાવણી દરમિયાન માનનીય આયોગ સમક્ષ તેમના મંતવ્યો રજૂ કરી શકે છે.

-સહી-
**સચિવ**
**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**
**ગાંધીનગર, ગુજરાત**

**સ્થળ: ગાંધીનગર**
**તા. ૦૫/૦૫/૨૦૨૫**